ફો.કેસ નં. :– ૧૧૫૮/૨૦૨૩
**આંક:– ૧૫ નું સાંધણ**

**ફરી સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે વધુ સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૨) નીચે ઉતર્યા બાદ હું અક્ષયભાઈ સાથે વાત કરતો હતો પાછળથી રમણીકભાઈ કે જે અક્ષયભાઈના કાકા છે તે આવેલા. અક્ષયભાઈએ મને પુછેલ કે, મારી બેન સાથે લફરા કેમ કરે છે? મેં એને કહેલ કે મારે તારી બહેન સાથે કાંઈ છે નહી અને તેમ કહેતા મને ડાયરેકટ પાછળથી ઢીકાપાટુ મારવા લાગેલા પછી હું નીચે પડી ગયેલો. અક્ષયે મને ઉભો કરેલો અને છરી ડાબી બાજુ પડખામાં મારી દીધેલું અને પછી અક્ષયે છાતીમાં ડાબી બાજુએ છરી મારેલી અને તેથી હું નીચે પડીને બેભાન થઈ ગયેલો અને એ લોકો ત્યાં ને ત્યાં આંટા મારતા હતા અને ફોન કરીને કોઈકને બોલાવતા હતા. પછી મને ભાન આવતા ઉભો થયેલો અને હું ભાગીને મારા ગેલાકાકાની વાડીએ જતો રહેલો. એ લોકો મને પછી શોધતા હતા અને મેં ત્યાં જઈને મારા કાકાને વાત કરેલી અને ગામમાંથી ગોગજીભાઈ મારા કાકા સંજયભાઈની ગાડી લઈને આવેલા અને ત્યાંથી મને ગાડીમાં નાખીને ગામમાં લઈ ગયેલા અને ત્યાંથી મને સરકારી દવાખાને હળવદ મુકામે લાવેલા. ત્યાં સુધી હું ભાનમાં હતો. ત્યારપછી મને ભાન રહેલ નહી. અને પછી હું મોરબી ભાનમાં આવેલ. તે વખતે હું ક્રિષ્ના હોસ્પીટલમાં હતો. ત્યાં પોલીસ મારું નીવેદન લેવા માટે આવેલા અને ત્યાં મેં ફરીયાદ લખાવેલી. ત્યારપછી શું થયેલ તેની મને ખબર નથી. મને ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારા અંગુઠાનું નીશાન હું ઓળખી બતાવું છું. ફરીયાદ રજુ દાખલ **આંક ૧૬.** આ સિવાય બીજી કાંઈ ઈજાઓ થયેલ કે કેમ તે મને ખ્યાલ નથી. મને અંધારુ હોવાથી છરી કેવા કલરની હતી તે બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ નહી.

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એસ.આર.ઝાલા**

**આ તબ્બકે આરોપીના વિ.વ.શ્રી દ્રારા મુદત અરજી અરજી આપતા, સદર સાહેદની ઉલટતપાસ મુલતવી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૮/૭/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.